ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

જય જય પરશુરામ - ભગવાન પરશુરામના જન્મોત્સવ નિમિત્તે શહેરના રાજમાર્ગો પર ભુદેવોની ભવ્ય અને દિવ્ય શોભાયાત્રા નીકળી હતી... હર હર મહાદેવ અને જય જય પરશુરામના જયઘોષ સાથે બ્રહ્મભવનથી આરંભાયેલી શોભાયાત્રા શહેરમાં ૪૨ કિ.મી.ની પરિક્રમા બાદ મોડીસાંજે બ્રહ્મભવન પરત પહોંચી હતી... શહેરના અનેકે સ્થાનો પર યાત્રાનું ભવ્ય સ્વાગત થયું હતું અને માર્ગની બંને બાજુ દર્શનાર્થીઓ ઉમટ્યા હતા... બ્રાહ્મણોના શક્તિ પ્રદર્શનથી શહેરના સમાજ જીવન પર અસર વર્તાતી હતી...

ગાંધીનગરમાં એક નવો પિકનિક સ્પોટ તૈયાર કરાશે

સંત સરોવરની સાઈટ પર હરિયાળો ઉદ્યાન નિખારવા આયોજન

સુરક્ષાના પરિબળોને પણ ધ્યાને લેવા અનિવાર્ય બનશે

ગાંધીનગર તા ૨૨

ગાંધીનગરના સેક્ટરો માં હરિયાળા ઉદ્યાનો ઘણા છે જેમાં નગર ઉપરાંત બહારથી આવતા સહેલાણીઓની સંખ્યા પણ વધુ જોવા મળે છે જયારે હવે નગરજનો માટે વધુ એક પિકનિક સ્પોટ ઉભું કરાશે સિંચાઇ વિભાગ દ્વારા સાબરમતી નદી પર વોટર રિચાર્જના હેતુથી બાંધવામાં આવેલા સંત સરોવરની સાઇટ પર બગીચો વિકસાવવા માટે ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે .જયારે હરિયાળા ઉદ્યાનની સાથે સુરક્ષા સહિતના પરિબળોને પણ વિશેષ ધ્યાને રાખવાનું અનિવાર્ય બનશે

દાયકાથી વધુ સમયથી સંત સરોવરન પિકનીક પોઇન્ટ તરીકે વિકસાવવાની વાત સતત કાને અથડાતી રહી છે . પરંતુ આ મામલે હજુ સુધી કોઈ કામગીરી શરૂ થઇ નથી જો કે હવે સિંચાઈ વિભાગના દ્વારા જગ્યાએ ગાર્ડન ડેવલપ કરવા માટે આયોજન કરવામાં આવી રહ્યું હોવાની વાત કરવામાં આવી છે. સુત્રોમાંથી મળતી માહિતી મુજબ આ માટે જરૂરી મંજુરી પણ આપી દેવામાં આવી છે. આ ઉપરાંત આગામી ચોમાસા દરમિયાન વરસાદનો લાભ મળે તે પ્રકારે ફૂલછોડ સહિત વૃક્ષારોપમ કરી દેવાનું આયોજન પણ કરી દેવામાં આવ્યું છે. આ કામગીરી ખાનગી પેઢી મારફત કરાવવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે. જોકે સંત સરોવરમાં બોટિંગ અને ખાણીપીણીની વ્યવસ્થા સહિતની સુવિધાઓ સાથે પિકનીક પોઇન્ટ તરીકે વિકસાવવા પણ અગાઉ વિચારણા થઇ હતી .

જો કે હજુ સુધી આ મામલે કાંઈ થયું નથી ગાંધીનગરના હાર્દ સમા વિસ્તારમાં સ્થિત સ્વર્ણિમ પાર્ક અને સરિતા ઉદ્યાન જેવા જાહેર બગીચાઓમાં અને તેની આસપાસમાં અસામાજીક તત્વોનો ઉપદ્રવ રહેતો હોવાની ફરિયાદ છે જયારે ઘણીવાર યુવાપેઢીની હરકતથી પણ ભદ્ર સમાજનું મોં વંકાય છે . આ બગીચાઓ જાહેર સ્થળ છે. છતાં આ પ્રવૃતિને રોકી શકાતી નથી. ત્યારે સંત સરોવર તો અંતરિયાલ વિસ્તારમાં સ્થિત હોવાથી આ જગ્યાએ વિશેષ ધમધમાટ જોવા મળતો નથી આવા સંજોગોમાં હરિયાળા ઉદ્યાન ને નિખારવાની સાથે પુરતી સલામતી વ્યવસ્થા ગોઠવવાનું પણ અનિવાર્ય બનશે.

શહેરમાં ઉનાળાના આરંભે જ પાણીનો ક્કળાટ

ગરમીના દિવસોમાં જુના સેક્ટરોમાં પાણીની સમસ્યા વધુ પેચીદી બની : જરૂરિયાત સામે સપ્લાયમાં ૧૦ એમ એલ ડી નો ઘટાડો : સે-૨૪ માં જોડાણ વધુ હોવાના લીધે પાણીનો ક્કળાટ વધુ

ગાંધીનગર તા ૨૨

ગાંધીનગરના સેક્ટરોમાં છેલ્લા ઘણાં સમયથી પાણી પુરતા ફોર્સથી ન આવતુ હોવાનો ક્કળાટ પ્રબળ બન્યો છે. હાલ એકબાજુ આકરી ગરમીના દિવસોની શરૂઆત થઈ ગઈ છે. ત્યારે સેક્ટરોમાં રોજબરોજ પુરતા ફોર્સથી પાણી ન આવતુ હોવાની વધતી ફરિયાદો સાથે સ્થાનિકોનો રોષ પ્રબળ બન્યો છે. પાણી પુરવઠા બોર્ડ કક્ષાએથી પુરતો જથ્થો ન અપાતા તંત્ર દ્વારા પુરતા પ્રમાણમાં સેક્ટરોમાં સપ્લાય આપી શકાતો ન હોવાનુ પણ સુત્રો જણાંવી રહ્યા છે. શહેરના જુના સેક્ટરોમાં જ પ્રતિદિન ૯ એમ એલ ડી જેટલા પુરવઠાની ઘટ પ્રવર્તી રહી છે. જેના લીધે સેક્ટરોમાં રોજબરોજ પાણીની બુમ ઉઠવા પામે છે. શહેરના સે-૨૪ માં ગીચતાના લીધે જોડાણ વધુ હોવાથી પાણીની સમસ્યા વધુ પેચીદી બની છે.

ગાંધીનગરમાં ગરમી આકરી બનવાની સાથે પાણીનો વપરાશ પણ વધ્યો છે. શહેરમાં ગરમીના દિવસોમાં પ્રતિદિન અંદાજિત ૬૦ એમ એલ ડી થી વધુ પાણીનો વપરાશ છે. જો કે ઉનાળાની ગરમીના દિવસોમાં પાણીનો બગાડ પણ વધુ થતો હોવાથી પાણીની ઘટનો પ્રશ્ન વધુ જટીલ બન્યો છે. શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી પાણીની સમસ્યા વધુ પેચીદી બની છે. સેક્ટરોમાં છાશવારે પુરતા ફોર્સથી કે પુરતા સમય સુધી સપ્લાય આપવામાં આવતો ન હોવાનો રોષ સ્થાનિકો ઠાલવી રહ્યા છે. શિયાળાની ઠંડીના દિવસોમાં પણ પાણીની બુમ ઉઠવા પામી હતી. જયારે ઉનાળાની ગરમીના દિવસોમાં પણ હાલ પાણીની પોકાર સેક્ટરે સેક્ટરે કાને સંભળાય છે. પાણીની સમસ્યા વધતી ગરમી સાથે વધુ પેચીદી બની રહી છે. સેક્ટરોમાં પુરતા ફોર્સથી પાણી સપ્લાય કરી શકાતુ નથી સુત્રોના જણાંવ્યા મુજબ પાણી પુરવઠા બોર્ડ દ્વારા જ પુરતો સપ્લાય ન અપાતા સેક્ટરોમાં પુરતા ફોર્સથી પાણી આપી શકાતુ નથી. જુના સેક્ટરોમાં પાણી પુરતા ફોર્સથી સપ્લાય કરવા માટે પ્રતિદિન ૩૦ એમ એલ ડી ની જરૂરિયાત હોય છે. જયારે હાલની સ્થિતિએ માત્ર ૨૦ થી ૨૧ એમ એલ ડી પાણી જ સપ્લાય થાય છે. જેના લીધે ૯ એમ એલ ડી જેટલા પાણી પુરવઠાની ઘટ પ્રવર્તે છે. આ સ્થિતિ વચ્ચે સેક્ટરોમાં પુરતા ફોર્સથી પાણીનો સપ્લાય આપવાનુ મુશ્કેલ બન્યુ છે. સેક્ટરોમાં હાલ પુરતુ પાણી ન આવતુ હોવાનો રોષ પ્રબળ બન્યો છે. સેક્ટરોમાં સ્થિત ઘરોની અન્ડર ગ્રાઉન્ડ ટાંકીઓ પણ પુરી ભરાતી ન હોવાથી સાંજ સુધીમાં પાણી ખાલી થઈ જતુ હોવોનો રોષ પણ ગૃહીણીઓ ઠાલવી રહી છે. આ મામલે પાટનગર યોજના વિભાગ સમક્ષ પણ અનેકવાર રજુઆત કરવામાં આવી છે. ત્યારે તંત્રના જણાંવ્યા મુજબ પાણી પુરવઠા બોર્ડ દ્વારા પુરતો જથ્થો ઉપલબ્ધ થતો નથી જયારે ઉનાળાની ગરમીના દિવસોમાં સેક્ટરોની જરૂરિયાત સામે શિયાળા જેટલુ પણ પાણી માંડ મળતુ નથી જેના લીધે સેક્ટરોમાં પુરતો સપ્લાય આપી શકાતો નથી.

શહેરના સે-૨૪ માં હાલ પાણીની સમસ્યા અત્યંત ગંભીર બનતી જાય છે. સેક્ટરના ગીચ વિસ્તારમાં પાણીના જોડાણો પણ વધુ છે. જેના લીધે તંત્ર દ્વારા અપાતા સપ્લાયના અંતે સેક્ટરમાં ઘરે ઘરે પુરતુ પાણી આવતુ નથી.

શહેરના સે-૨૪ માં હાલ પાણીની સમસ્યા અત્યંત ગંભીર બનતી જાય છે. સેક્ટરના ગીચ વિસ્તારમાં પાણીના જોડાણો પણ વધુ છે. જેના લીધે તંત્ર દ્વારા અપાતા સપ્લાયના અંતે સેક્ટરમાં ઘરે ઘરે પુરતુ પાણી આવતુ નથી. શહેરમાં એકબાજુ સ્માર્ટ સીટીના પ્રોજેક્ટ અન્વયે ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે નવી લાઈન નાંખવામાં આવી રહી છે. જો કે આ પ્રોજેક્ટને સાકાર થતા હજુ સમય લાગશે પરંતુ હાલ તો સેક્ટરવાસીઓ રોજબરોજ પાણીની પોકાર ઉઠાવી રહ્યા છે. ઉનાળાની ગરમીના દિવસો વધુ આકરા બનતા જાય છે. ત્યારે સેક્ટરોમાં પાણીની સમસ્યાથી રહીશો પરેશાન છે. આ સ્થિતિ નિવારવા કાયમી ઉકેલ આવે તે માટે પણ અસરકારક પગલા લેવા માટે સ્થાનિકોએ માંગણી કરી છે.

શહેરમાં કોરોનાના નવા ૬ કેસ, ગ્રામ્યમાં ૧૧ કેસ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેરમાં કોરોનાના નવા ૬ કેસ અને ગ્રામ્ય વિસ્તારમાં નવા ૧૧ કેસ નોંધાયા છે. શહેર-જિલ્લામાં કોરોનાના કેસોમાં જે ચડાવ-ઉતાર જોવા મળી રહ્યો છે તેને લઈ તંત્રની ચિંતા અને દોડધામ વધી જવા પામી છે.

રિકવરી રેટ સુધર્યો : શહેરમાં સરગાસણમાં બે, કુડાસણ, સે. ૨, ૪, ૮ માંથી કેસ મળી આવ્યા : ગ્રામ્યમાં ગાંધીનગરમાં ૧, કલોલમાં ૮ અને માણસામાં ૨ કેસ નોંધાયા : શહેરમાં ૧૧ દર્દી અને ગ્રામ્યમાં ૮ દર્દી રિકવર થતાં ડિસ્ચાર્જ અપાયુ

શહેર-જિલ્લામાં આજે નોંધાયેલ નવા કેસોની સામે રિકવર થઈ ડિસ્ચાર્જ મેળવનાર દર્દીઓની સંખ્યા વધુ છે. શહેર-જિલ્લામાં આજે ૧૯ દર્દીઓને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં ૧૧ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે જ્યારે ગ્રામ્યમાં ૮ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

શહેર-જિલ્લામાં રિકવરી રેટ સારો નોંધાયો છે તેમજ હોસ્પિટલાઈઝેશન રેટ ઓછો હોવાથી તંત્રને થોડીક રાહત જરૂર છે. જો કે કોરોનાનો પોઝીટીવીટી રેટ ૨ ટકાથી ઘટવાનુ નામ નથી લઈ રહ્યો તેથી તંત્રની ચિંતા વધી છે. આર.ટી.પી.સી.આર. અને એન્ટીજન એમ બન્ને પ્રકારના ટેસ્ટીંગ તંત્ર દ્વારા કરવામાં આવી રહ્યા છે. શહેર-જિલ્લામાં રોજના સરેરાશ ૧૫૦૦ જેટલા ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે. કોરોનાના હળવા લક્ષણોને કારણે દર્દીઓ હોમ આઈસોલેશનનો વિકલ્પ વધુ સ્વીકારી રહ્યા છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ ૬ કેસ નોંધાયા છે. જેમાં બે મહિલા દર્દી અને ૬૦ થી વધુ વયના બે દર્દી નોંધાયા છે. શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૩ કેસ નોંધાયા છે તેમજ શહેરના સેક્ટરોમાં પણ ૩ કેસ નોંધાયા છે.

શહેરમાં સમાવિષ્ટ સરગાસણ ગામેથી આજે વધુ બે કેસ નોંધાયા છે. સરગાસણ ગામમાંથી જે રીતે કેસો સામે આવી રહ્યા છે તેને લઈ તંત્ર ચિંતીત બન્યુ છે. સરગાસણ અગાઉની લ્હેરો વખતે પણ સંવેદનશીલ વિસ્તાર તરીકે ઉભર્યુ હતુ.

સરગાસણમાંથી ૩૬ વર્ષીય યુવાન તેમજ ૨૮ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કુડાસણમાંથી આજે ૫૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સેક્ટર-૨ માંથી ૫૯ વર્ષીય પુરૂષનો, સે. ૪માંથી ૭૬ વર્ષીય વૃદ્ધનો તેમજ સે. ૮માંથી ૬૯ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સેક્ટરોમાં છુટા છવાયા કેસો મળી રહ્યા છે પણ સિનીયર સિટીઝનો અને પરિવારો સંક્રમિત થયેલા મળી રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે. જોકે તંત્રએ દાવો કર્યો છે કે પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ છે.

તંત્રએ સર્વેલન્સ સઘન કરવાની સાથે જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા જણાવ્યુ છે. શહેરમાં

● અનુસંધાન પાન-૭ પર

કોરોનાના કેસો માર્ચ-એપ્રિલમાં જ વધુ નોંધાયા છે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેરમાં કોરોનાનો પ્રથમ કેસ માર્ચ-૨૦૧૯માં નોંધાયો હતો. આ દર્દી ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવતો હતો.

પહેલો કેસ ૨૦૧૯ માર્ચમાં નોંધાયો હતો

શહેર-જિલ્લામાં માર્ચ અને એપ્રિલમાં જ કેસો વધુ નોંધાયા છે. માર્ચ-૧૯માં ૮ કેસ નોંધાયા હતા. માર્ચ-૨૦૨૦માં ૨૦, માર્ચ-૨૦૨૧માં ૪૨૦, માર્ચ-૨૦૨૨માં ૪૩ અને માર્ચ-૨૦૨૩માં ૫૯ કેસ નોંધાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં માર્ચ-૨૦૨૦માં ૩, માર્ચ-૨૦૨૧માં ૩૫૬, માર્ચ-૨૦૨૨માં ૨૧ અને માર્ચ-૨૦૨૩માં ૪૯ કેસ નોંધાયા હતા.

એપ્રિલ મહિનામાં ગાંધીનગર શહેરમાં એપ્રિલ-૨૦૨૦માં ૧૬, એપ્રિલ-૨૦૨૧માં ૨૭૦૦ અને એપ્રિલ-૨૨માં ૮૫ કેસ નોંધાયા હતા. ગ્રામ્ય વિસ્તારમાં એપ્રિલ-૨૦૨૦માં ૧૯, એપ્રિલ-૨૦૨૧માં ૨૪૦૦, એપ્રિલ-૨૨માં ૧૦, એપ્રિલ-૨૩માં અત્યાર સુધીમાં ૧૫૦ જેટલા કેસ નોંધાઈ ચુક્યા છે.

આમ શહેર-જિલ્લામાં માર્ચ-એપ્રિલમાં છેલ્લા ૪ વર્ષથી કોરોનાનો કહેર જોવા મળી રહ્યો છે. આ વર્ષે નોંધાયેલા કોરોનાના કેસોમાં હળવા લક્ષણો જોવા મળી રહ્યા છે અને દર્દીઓ હોમ આઈસોલેશનનો વિકલ્પ વધુ પસંદ કરી રહ્યા છે.

પવિત્ર રમઝાન માસના રોઝા પછી જયારે ચાંદ દેખાય તે પછીના દિવસને મુસ્લિમ બિરાદરો ઈદ "ઉલ-ફિત્ર" તરીકે ઉજવે છે. દરેક મુસ્લિમ આ ઉત્સવને ધૂમધામથી ઉજવે છે અને ખુદા પાક સમક્ષ નતમસ્તકન થઈને દુવા માંગે છે. ગાંધીનગરમાં ચરેડી ખાતેના ઈદગાહમાં મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરોએ એકઠાં ઠઈને ઈદની નમાઝ અદા કરી હતી તેમજ ધર્મગુરુ પાસેથી તકરીર સાંભળી હતી.

એસ.ટી. ડેપો દ્વારા કોરોના કાળ બાદ હવે બસના રૂટમાં જરૂરી બદલાવ કરવા વિચારણા

નગરના ગ અને ખ માર્ગ પરના રૂટમાં સેક્ટરવાસીઓને બસ સેવા ઉપલબ્ધ થાય તે મુજબ આયોજન : રીલાયન્સ ચોકડી થી વેજલપુર બસ સેવા શરૂ : સેક્ટરવાસીઓને વિવિધ રૂટ પરથી બસ સેવા મળી રહે તે માટે આયોજન

ગાંધીનગર તા ૨૨

ગાંધીનગર એસ ટી ડેપોમાં રોજબરોજ ધોળા દિવસે મુસાફરોના ખિસ્સા કપાય છે. સલામત સવારીમા મુસાફરી કરતા મુસાફરોની સલામતીના નામે જ મીંડુ ચિતરાયેલુ છે. જયારે આ મામલે અનેકવાર રજુઆત કરવામાં આવ્યા બાદ પણ ડેપો સંકુલમાં પોલીસ પહેરો ગોઠવાતો નથી. બીજીતરફ ગાંધીનગર ડેપોને મોડેલ ડેપો બનાવાની યોજના પણ હજુ સાકાર થઇ નથી. જેના લીધે મુસાફરલક્ષી સુવિધાઓ પણ પુરતી ઉપલબ્ધ નથી. આવા સંજોગોમાં કોરોના કાળ દરમિયાન એસ ટી ડેપોના રૂટમાં પણ બદલાવ આવતા સેક્ટરવાસીઓને અસરકારક બસ સેવા ઉપલબ્ધ ન થતી હોવાની ફરિયાદો પણ વધી છે. આ ઉપરાંત ગાંધીનગર જિલ્લાના ગામોમાં પણ સલામત સવારીના અભાવે વિદ્યાર્થીઓ તેમજ નિયમિત અપડાઉન કરતા મુસાફરોને ખાનગી વાહનોમાં જોખમી મુસાફરી કરવી પડતી હોવાનો રોષ પણ લાંબા સમયથી ઉઠવા પામ્યો છે. એસ ટી ડેપો કક્ષાએથી મુસાફરોને યોગ્ય બસ સેવા મળી રહે તે માટે બસના સંચાલન સંદર્ભે જરૂરી રૂટમાં બદલાવ કરવા માટે પણ એસ ટી નિગમને દરખાસ્ત કરવામાં આવી છે. કોરોના કાળ બાદ આમ પણ બસ સેવાના રૂટમાં બદલાવ આવ્યો છે. અલબત્ત સેક્ટરોમાં અને જુદા જુદા માર્ગ પરથી પસાર થતી શહેરી બસ સેવાના રૂટમાં ફેરફારના લીધે મુસાફરો પણ લાંબા સમયથી માંગણી કરી રહ્યા છે જેને અનુલક્ષી એસ સ ટી ડેપો દ્વારા હાલ રીલાયન્સ

● અનુસંધાન પાન-૭ પર

● TP9માં સરખેજ હાઈવે પર સરગાસણ ૫૦૦૦ વારનો કોમર્શીયલ પ્લોટ વેચાણ
● ગાંધીનગરમાં સારા બંગલાઓ વેચાણ માટે સંપર્ક કરવો.
ભવાની એસ્ટેટ
મો. ૯૮૯૮૫ ૬૩૫૮૧
મો. ૯૪૨૬૨ ૮૯૦૫૪

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
ASTRAL PIPES
Roff
Birla White
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. : (ઓ) ૯૬૮૭૬ ૨૭૦૦૮
શાખા :
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૪૩૨૧૮૬, ૯૦૯૯૯૬૨૯૪૬
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈમ્પેક્ટ ફી પેટે મનપાને પોણા ત્રણ લાખની આવક થઈ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર મહાનગરપાલિકાને ઈમ્પેક્ટ ફી ની આવક અત્યાર સુધીમાં રૂ. ૨ લાખ ૭૫ હજાર જેટલી થવા પામી છે. જો કે માર્ચની તુલનામાં એપ્રિલના ૨૦ દિવસમાં જ આવક બે લાખ રૂ. થઈ છે.

મનપાને ઈમ્પેક્ટ ફી કાયદા અંતર્ગત કુલ ૨૬૪૬ અરજીઓ મળી હતી. આ પૈકી ૧૯૨ અરજદારોએ આ અંગે નિયત કરાયેલ ફી ની ભરપાઈ કરી નથી અને ૨૪૫૪ અરજીઓ પર તંત્ર કાર્યવાહી કરી રહેલ છે.

મળતી વિગતો પ્રમાણે ૭૪૨ અરજદારોએ કરેલી અરજીમાં ક્વેરી કરી તંત્રએ વધુ પૃચ્છાઓ હાથ ધરી છે. ૧૬૦ અરજીઓ મંજૂર કરવામાં આવી છે જ્યારે નવ અરજીઓ અધૂરી વિગતો ધરાવતી હોવાથી નામંજૂર કરવામાં આવી છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૫૦૦ જેટલા અરજદારોની અરજીઓની ચકાસણીની કામગીરી ચાલી રહી છે, જ્યારે ૪૫૦ થી વધુ સાઈટોની મુલાકાત તંત્રની ટીમ દ્વારા પૂરી કરી દેવામાં આવી છે. ગાંધીનગર શહેરમાં બાલ્કનીનું વધારાનું બાંધકામ કર્યાની અરજીઓ વધુ મળી છે એટલે તંત્ર આ દિશામાં કોઈ ખાસ નીતિ નક્કી કરાય તો અરજીઓનો ઝડપથી નિકાલ થઈ શકે તે દિશામાં તંત્ર દ્વારા વિચારણા હાલ ચાલી રહી છે.

ઈમ્પેક્ટ ફી કાયદા અંતર્ગત હાલ તો મનપામાં કામગીરીનો ભરાવો થોડોક વધુ થયો હોવાનો જણાઈ રહ્યુ છે. તંત્ર પણ આ અરજીઓના ઝડપી નિકાલ માટે સતત કામગીરી કરી રહેલ છે. રજાના દિવસોમાં પણ અરજીઓની ચકાસણી સહિતની સાઈટ વિઝીટની કામગીરી ચાલુ રાખવામાં આવે છે.

ગાંધીનગર શહેરમાં હવે ફ્લેટોની સંખ્યા વધી રહી છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com